**ફોજ.પરચુ.(ઘરેલુ હિંસા) અરજી નં. : ૪૧/૨૦૨૪**

---

**વાંસદાના મહે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વાંસદા.**

---

---

**અરજદારની આંક-૪ ની વચગાળાનું ભરણ પોષણની રકમ મેળવવાની અરજી નીચે હુકમ**

---

(૧) સાંભળ્યા, તથા અરજી તેમજ અરજી સાથે સંલગ્ન દસ્તાવેજો વંચાણે લીધા. હાલની અરજી અરજદારે ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૩(૨) હેઠળ વચગાળાની ભરણ પોષણની રકમ મેળવવા બાબતે કરેલી છે. અરજદાર તરફે એવી રજૂઆત છે કે, આ કામના સામાવાળા નં.૧ વિમલકુમાર ગુલાબભાઈ પટેલ નાઓ અરજદારના કાયદેસરના પતિ થાય છે તથા સામાવાળા નં.ર અંબાબેન ગુલાબભાઈ પટેલ નાઓ અરજદારના સાસુ થાય છે તથા સામાવાળા નં.૩ હેમાંગીબેન આશિષભાઈ પાંચાલ નાઓ અરજદારના નણંદ થાય છે. અરજદારના પિતા અવસાન પામેલ હોય અરજદાર હાલમાં તેમના પિતાના ઘરે નિરાધાર અવસ્થામાં પોતાનું જીવન જીવે છે અને અરજદાર પાસે પોતાનું જીવન ધોરણ ટકાવી રાખવા આવકનું કોઈ સાધન નથી તેમજ આ કામના સામાવાળા નં.૧ વિમલકુમાર ગુલાબભાઈ પટેલ નાઓ મોજે જી.આઈ.ડી.સી. આંતલીયા, મુકામે ફુલ ટાઇમ ડ્રાઈવર તરીકેની નોકરી કરી માસિક રૂા.૧૮,૦૦૦/- થી વધુની કમાણી કરે છે તથા સામાવાળાઓની મોજે ખુડવેલ, તા.ચીખલી, જિ.નવસારી મુકામે ખાતા નંબર : ર૭૧, બ્લોક/સર્વે નંબર : ૩૦, ૫૩ કુલ ક્ષેત્રફળ ૧૯૬૪૦ ચો.મી. જેટલી ખેતીની જમીન ધારણ કરે છે અને તે ખેતીની જમીનમાંથી વાર્ષિક આશરે રૂા.ર,૫૦,૦૦૦/- જેટલી કમાણી કરે છે તથા મોજે ખુડવેલ, તા.વાંસદા, જિ.નવસારી મુકામે કરીયાણાની દુકાનેથી દૈનિક રૂા.૫૦૦/- થી વધુની આવક મેળવે છે તેમજ મોજે ખુડવેલ મુકામે બે ગાળાનું મકાન ધારણ કરે છે. અરજદારની ભરણ પોષણની વ્યવસ્થા કરવી એ પતિ તરીકે સામાવાળા નં.૧ વિમલકુમાર ગુલાબભાઈ પટેલ નાઓની નૈતિક ફરજ અને જવાબદારી છે. તેમજ અરજદારની મૂળ અરજીનો નિકાલ આવતા ઘણો સમય જાય તેમ છે તે સંજોગોમાં અરજદારને રહેઠાણનો વચગાળાનો હકક, અધિકાર ભોગવવા માટે માસિક રૂા.૭,૫૦૦/- રહેણાંક મકાનના ભાડા પેટે આપવા તથા અરજદાર નં.૧ મિત્તલ વિમલકુમાર પટેલ નાઓને વચગાળાના ભરણ પોષણ પેટે રૂા.૧૦,૦૦૦/- તથા અરજદાર નં.ર ફેની વિમલકુમાર પટેલ નાઓને માસિક રૂા.૭,૫૦૦/- મેળવવા તથા અરજદાર નં.ર ફેની વિમલકુમાર પટેલનો કબજો આ કામના સામાવાળાઓ બળજબરીપૂર્વક કે ધાક ધમકીઓ આપી અરજદાર નં.૧ મિત્તલ વિમલકુમાર પટેલ નાઓ પાસેથી લે કે લેવડાવે નહી તેવો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) અરજદારની ઉપરોકત અરજીની વિરુધ્ધમાં તારીખ : ૧૪/૦૬/૨૦૨૪ ના રોજથી આ કામના સામાવાળા નાઓનો લેખિત જવાબ રજૂ કરવાના તબકકે પડતર હોવા છતાં અને સામાવાળાઓને ન્યાયના વિશાળ હિતમાં પૂરતો સમય અને વિપુલ તકો આપવા છતાં પણ સામાવાળાઓએ પોતાનો લેખિત જવાબ રજૂ ન કરી મુદતો લેતા આવેલા છે. આમ, સદર કેસની ન્યાયિક કાર્યવાહીમાં આ કામના સામાવાળા નાઓની નિષ્ક્રિયતા અને શિથિલતાના કારણે લેશમાત્ર પ્રગતિ થઈ શકેલ નથી. સામાવાળાઓને આજદિન સુધી ઘણી તક અને માંગ્યા મુજબની તારીખો આપવા છતાં પણ લેખિત જવાબ રજૂ કરી શકયા નથી. આ કામના સામાવાળાઓએ ઈન્સાફી કાર્યવાહી ગંભીરતાથી આગળ ચલાવવાનું ઔચિત્ય દાખવેલ નથી.

(૩) હાલના કામે અરજદારની રજૂઆતો અરજદારની અરજીની હકીકતો તેમજ રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. હાલની અરજીની સુનાવણી દરમ્યાન પ્રોટેકશન ઓફિસરનો રીપોર્ટ મંગાવવામાં આવેલ છે જે રીપોર્ટ હાલના કામે આંક–૫ થી રજૂ થયેલ છે જે ધ્યાને લીધેલ છે.

(૪) અરજદારની અરજીની હકીકતો ધ્યાને લેતા, અરજદાર મિત્તલ વિમલકુમાર પટેલ અને આ કામના સામાવાળા નં.૧ વિમલકુમાર ગુલાબભાઈ પટેલ નાઓ વચ્ચે તકરાર થયેલ હોવાનું પ્રથમ દષ્ટિએ જણાઈ આવે છે તેમજ અરજદારની મૂળ અરજીનો નિકાલ આવતા ઘણો સમય થાય તેમ છે. હાલના કામે અરજદારે તેમજ સામાવાળાએ **નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા રજનેશ વિરુધ્ધ નેહા અને બીજાઓના** કેસમાં આપેલ ગાઈડ લાઈન મુજબ પોતાની આવક તથા જવાબદારીઓના સોગંદનામા રજૂ કરેલ છે. સદર અરજીના કામે અરજદારે આંક–૧૧ થી પોતાની મિલકત અને જવાબદારીઓનું સોગંદનામુ રજૂ કરેલ છે જેમા આ કામના સામાવાળા ડ્રાઈવર તરીકે મહિને રૂા.૧૮,૦૦૦/– (અંકે રૂપિયા અઢાર હજાર પુરા) તથા ખેતીમાંથી વાર્ષિક રૂા.૨,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા) તેમજ કરીયાણાની દુકાનમાંથી દૈનિક રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) આવક મેળવતા હોવાનું જણાવેલ છે તેમજ સામાવાળાની મોજે ખુડવેલ, તા.ચીખલી, જિ.નવસારી મુકામે ખાતા નંબર : ૨૭૧ જેનુ સર્વે નંબર : ૩૦, ૫૩ તથા ક્ષેત્રફળ ૧૯૬૪૦ ચો.મી. હોવાનું જણાવેલ છે. જયારે આ કામના સામાવાળાએ આંક–૧૪ થી પોતાની આવકનો સોગંદનામુ રજૂ કરેલ છે જેમા તેઓ ખાનગી નોકરી પર ડ્રાઈવિંગ કરી માસિક રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ની આવક મેળવતા હોવાનું જણાવેલ છે. આમ, સમગ્ર રેકર્ડ વંચાણે લેતા, આ કામના સામાવાળાની ચોકકસ આવક કેટલી છે તે પુરાવાનો વિષય છે તે હાલના તબકકે અરજદારે પોતાનું જીવન ટકાવી રાખવા તેમજ જીવન નિર્વાહ માટે ઉપસ્થિત થતી પ્રાથમિક જીવન જરૂરીયાતની

ચીજ–વસ્તુઓના વર્તમાન બજારના દરો તથા દિન–પ્રતિદિન વધતી જતી મોંઘવારીના દરો લક્ષમાં રાખતા અરજદારોને સામાવાળા અરજદારની મૂળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અરજીની તારીખથી અરજદારોને વચગાળાના તબકકે જીવન નિર્વાહ ચલાવવા માટે દર માસે નિશ્ચિત **વચગાળાની રકમ** ભરણ પોષણ પેટે આપે તેવુ ન્યાયોચિત જણાઈ છે. જેથી નીચે મુજબનો વચગાળાનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

૧. અરજદારની હાલની અરજી '**અંશત: મંજૂર**' કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા નં.૧ વિમલકુમાર ગુલાબભાઈ પટેલ નાઓને હુકમ કરવામાં આવે છે કે, અરજીની તારીખથી અરજદાર નં.૧ મિત્તલ વિમલકુમાર પટેલને માસિક રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) તથા સગીર અરજદાર નં. ૨ ફેની વિમલકુમાર પટેલને માસિક રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) દર માસે નિયમીતપણે **વચગાળાના ભરણ પોષણ પેટે મૂળ અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી** ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪. આ કાયદાની કલમ–૨૪ મુજબ હુકમની એક નકલ આ કામના પક્ષકારોને વિના મૂલ્યે પૂરી પાડવી.

**હુકમ આજ તારીખ : ૨૦ મી, માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.**

સહી/–
(અનમોલ શ્યામસુંદર ગોયલ)
જ્યુડિશ્યિલ મેજિસ્ટ્રેટ ફ.ક., વાંસદા.
જજ કોડ નં. : જીજે–૦૧૬૨૨.

Date : ૨૦–૧૧–૨૦૨૪

Place : વાંસદા.

એ.એન. શેખ.